


"બાપા મોરીયા રે... બાપા મોરીયા રે..."

"ઓ હો... ગણેશભક્તિમાં લીન થઈ ગયા તમે તો..!"

"હા... સાહેબ... હા... વિઘ્નનાહર્તા ગણપતિબાપામાં કોણ લીન ના થાય..?! દુંદાળો દેવ કલ્યાણનો દેવ છે."

"વાહ... ભાઈ... વાહ... આજે તો ધાર્મિક મુડમાં છો... ક્યાંક પ્રવચન આપવાનું છે કે શું ?!"

"ના સાહેબ ના... પ્રવચનો, કથાઓ અમારો વિષય જ નહિ... આપણે તો ઉત્સવ પ્રિય... ચાર દિવસ પછી જય અંબે, જય અંબે કરીશું ને નવરાત્રીમાં ગરબા કરીશું..!!"

"પણ ટુંકમાં ધર્મ... ધર્મ... ધર્મ..!"

"ના સાહેબ ના હો... તમે જે સમજો છો એવું નહિં... એ દંભ-દેખાડો, આશ્રમો અને ચેલા-ચેલીઓમાં નહિ..."

"કેમ એટલે ગાડી કયા પાટે લઈ જાઓ છો..?!"

"સાહેબ... તમે આંગળા નાંખીને બોલાવો છો... આ ધર્મના નામે... ગુરૂઓના નામે... આશ્રમોના નામે કેટ-કેટલું ચાલે છે ને કેવું ચાલે છે... એનાથી તમે ને હું જાણકાર છીએ જ ને..?!"

"હં... હં... સમજી ગયો ભાઈ સમજી ગયો... એટલે તમે પેલા ડેરાસચ્ચા સૌદાના પ્રમુખ ગુરૂમીત રામ-રહિમની વાત કરવા જઈ રહ્યા છો ને..?!"

"હા સાહેબ... તમે સાનમાં સમજી ગયા... જુઓ તો ખરા સાહેબ... ગુરૂની પંદર વર્ષ પહેલાની ભુલને છાવરવા લાખ્ખોની સંખ્યામાં અનુયાયીઓ પંચકુલા પહોંચ્યા છે !!"

"સાહેબ, એટલેથી નહીં... ત્રણ સરકારો હચમચી ગઈ છે... પંદર હજાર જવાનો બંદોબસ્તમાં લાગ્યા છે... ઈન્ટરનેટ સેવાઓ બંધ કરાઈ છે... ત્રણ દિવસથી સ્કૂલ-કોલેજો બંધ છે... અને આજે... તો કેટલી બધી ટ્રેનો પણ બંધ રહેવાની છે..!!"

"હદ થાય છે... હદ..! ધર્મના નામે ચાલતા ધતિંગો... સમાજને નબળો પાડી રહ્યો છે નબળો... ખબર નથી પડતી કે આને શ્રદ્ધા કેવી કે અંધશ્રદ્ધા..!"

"મારી એજ વાત છે... કો'ક મદારી ડુગડુગીયુ વગાડે એટલે આપણે તો તાલીઓ પાડવા તૈયાર જ છીએ... સાચા ખોટાનો ભેદ નહીં પારખી શકીએ ત્યાં સુધી આપણો વિકાસ વિકલાંગ જ રહેવાનો છે..."

"... પણ સાહેબ, એ તો એમ માને છે કે અમે ક્યાં કોઈને સમ ખવડાવીએ છીએ કે તમે અમારા સંપ્રદાયમાં આવો... તમે અમારાથી અંજાઈ જાઓ... તમે અમને સમર્પિત થાઓ... અમે કહીએ એ માનો..."

"...હા...હા...હા... ખાટલે ખોડ એ જ છે... દુનિયા જુકતી હૈ જુકાનેવાલા ચાહિએ... પછી આશારામ બાપા હોય કે ડેરા સચ્ચાવાળા હોય... અને હજી તો નહિ પકડાયેલા અને નહિ વગોવાયેલા સેંકડો ધતિંગબાજો બહાર આવશે..!"

"સાહેબ જેને બહાર લાવવા હોય તેને લાવજો... જેને બહાર આવવું હોય તેને બહાર આવે... પણ અત્યારે તો હાલાકી... હાલાકી... હાલાકી..!"

● અનુસંધાન પાન-૭ પર

# આજથી ગાંધીનગર 'ગણેશમય' બનશે

**શહેરમાં વિવિધ પાંચ સ્થળોએ ગણેશોત્સવની અલ્ટ્રામોર્ડન ઉજવણી : આજે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા ગણપતિ બાપા મોરીયાના જયઘોષની નગર ગુંજી ઉઠશે**



ગાંધીનગર તા ૨૪

શ્રાવણમાં ભોળાનાથની ભકિત બાદ હવે નગરજનો શ્રીજીની પુજા અર્ચનામાં મસ્ત જોવા મળશે. દુંદાળા ગણેશજીની કૃપાદ્રષ્ટિ મેળવવા માટે ભાવિકો વિઘ્નહર્તાના ઓવારણાં લેવા માટે ઉત્સુક બન્યા છે. નગરમાં વિવિધ પાંચ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગણેશ મહોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પાંચથી સાત દિવસ સુધી રોજ સવાર સાંજ શ્રીજીની આરતી અને પુજા વિધિ ઉપરાંત વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગણેશોત્સવમાં શ્રીજીની પુજા અર્ચના સાથે શકિતની ભક્તિનો પણ અનોખો સમન્વય જોવા મળશે. એકબાજુ ભાદરવી પુનમ નજીક આવતા નગરમાં અનેકવિધ ઠેકાણે સેવા કેન્દ્રો કાર્યરત થઈ ગયા છે. પગપાળા જતા પદયાત્રીઓની સેવા કાજે કેન્દ્રો રાત દિવસ ધમધમતા થયા છે. ત્યારે બીજીતરફ આજથી શહેરમાં ગણેશભકિતનો રંગ જામશે. ગણેશોત્સવ અંતર્ગત વિવિધ સેકટરોમાં આનંદનો ગરબો , સુંદરકાંડ ,ભજન સહીતના ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં

**શહેરના વિવિધ માર્ગો પર બેન્ડની સુરાવલી અને ડી જેના તાલ સાથે શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે : શ્રાવણમાં ભોળાનાથની ભકિત બાદ હવે શ્રીજીની આરાધના અને શકિતની ભકિતનો સમન્વય જોવા મળશે : રાત્રિના સમયે ગરબા ,ડાયરો, સુંદરકાંડ , સત્યનારાયણની કથા જેવા ધાર્મિક ઉપરાંત ગીત સંગીત અને વૈવિદયસભર નૃત્યોનો કાર્યક્રમ યોજાશે**

● અનુસંધાન પાન-૭ પર

## વિરેન્દ્રસિંહ વાઘેલા પ્રદેશ મંત્રી નિમાયા



ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માળખાના કરાયેલ વિસ્તૃતીકરણમાં જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને અગ્રણી વિરેન્દ્રસિંહ વાઘેલાની પ્રદેશ મંત્રી તરીકે નિયુક્તી કરવામાં આવી છે.

વિરેન્દ્રસિંહ વાઘેલા ગાંધીનગર તાલુકાના વાસણા ગામના વતની છે. તેઓ પક્ષના સંગઠ્નમાં પણ સ્થાનિક કક્ષાએ મહત્વની જવાબદારીઓ સંભાળી ચુક્યા છે. આ ઉપરાંત પક્ષ દ્વારા જિલ્લાવાર મુકાયેલ નિરીક્ષક તરીકે પણ તેમણે સેવાઓ આપી છે.

તેમની નિમણુંક કક્ષાના સંગઠ્નમાં થતાં જિલ્લાના આગેવાનોએ નિમણુંકને આવકારી અને હર્ષની લાગણી વ્યક્ત કરી છે.

# ગ્રામસભા અભિયાનને જિલ્લામાં નબળો પ્રતિસાદ

**સરેરાશ ૧૦૦ માણસ હાજરી આપે છે : ઉમદા જીવન માટે ૬૫૩૫ લોકોએ સંકલ્પ લીધા : આતંકવાદ, જ્ઞાતિવાદ, ભ્રષ્ટાચાર, ગરીબીમુક્તિ જેવા મુદ્દાઓ પર ૨૩ હજાર લોકોએ શપથ લીધા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ખાસ ગ્રામસભા અભિયાનને સૌથી નબળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સરેરાશ ૧૦૦ માણસ આ ગ્રામસભાઓમાં હાજરી આપે છે. જે માટે પણ તંત્રના અધિકારીએ એક કલાકથી વધારે સમય તો રાહ જોવામાં પસાર કરવો પડી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં સંકલ્પ સે સિદ્ધિ અંતર્ગત યોજાયેલ આ ગ્રામસભા અભિયાનમાં ૨૨૭ ગ્રામસભા પૂર્ણ થઈ છે. જેમાં ૨૩૯૭૨ લોકોએ હાજરી આપી છે. જેમાં ૬૬૯૭ મહિલા અને ૧૭,૨૭૫ પુરૂષોએ હાજરી આપી છે.

મળતી વિગતો પ્રમાણે ભ્રષ્ટાચાર, સ્વચ્છ ભારત, ગરીબી મુક્તી, આતંકવાદ, જ્ઞાતિવાદ વિરૂદ્ધ લડવા માટે ૨૩,૪૪૨ લોકોએ સંકલ્પ લીધા છે. તો વ્યક્તીગત રીતે ઉમદા જીવન માટે ૬૫૩૫ લોકોએ સંકલ્પ લીધા છે. જેમાં ૧૮૧૩ મહિલા અને ૪૭૨૨ પુરૂષનો સમાવેશ થાય છે.

આ અભિયાન દરમ્યાન ક્વીટ ઈન્ડિયા ક્વીઝમાં એક પણ વ્યક્તીએ ભાગ લીધો નથી. ૨૫૩ જેટલી સંસ્થાઓએ સંસ્થાકીય સંકલ્પ લીધા હોવાનું પણ જાણવા મળેલ છે.

નવભારત મંથન અંગે કોઈએ પણ વિચારોની અભિવ્યક્તી કરી નથી. આ ગ્રામસભા અભિયાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંદેશાનું વાંચન કરવામાં આવે છે.

જિલ્લામાં હાલ ખેતીની કામગીરી પૂરજોશમાં ચાલુ હોવાથી તેમજ ૧૧ વાગે અને ૩ વાગે આ સભાઓ યોજાતી હોવાથી લોકોની હાજરી ઓછી રહેતી હોવાનું કારણ પણ તંત્રના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

બીજી તરફ એવી પણ ચર્ચા પંચાયતી રાજના સક્રિય આગેવાનોમાં ચાલી છે કે ગ્રામસભા યોજવાનો અધિકાર પંચાયતના સરપંચને છે અને અહિ તંત્ર સમય તારીખ બધુ જ નક્કી કરી આપે છે. ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે તંત્રએ ક્યારેય કોઈ પ્રયત્નો કર્યા નથી.

## જાણીતા કવિ દલપત પઢીયારને નરસિંહ મહેતા એવોર્ડ



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના અગ્રણી સર્જક અને ગુજરાતી ભાષાના ખુબ જ લોકપ્રિય કવિ દલપતભાઈ પઢીયારને આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ માટે પસંદ કરાયા છે. દલપતભાઈને આ એવોર્ડ મળતા ગાંધીનગર અને ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધ્યુ છે.

દલપતભાઈ પઢીયાર લોકભોગ્ય ભાષામાં ગદ્ય અને પદ્યમાં સાહિત્યસર્જન કરે છે. તેમના ભજનો અને કવિતાઓ વંચાય છે અને ગવાય છે. મધ્ય ગુજરાતમાં સેંકડો અનુયાયી ધરાવતા ગાદીપતિ દલપતભાઈ પઢીયારે ગુજરાત સરકારના માહિતી વિભાગમાં વિવિધ હોદ્દાઓ પર સેવાઓ આપી હતી. ગાંધીવાદી દલપતભાઈની ઘણી કવિતાઓ પાઠ્યપુસ્તકમાં પણ સ્થાન પામી છે. ખાસ કરીને ભક્તિ સંપ્રદાયમાં તેમના ભજનો લોકજીભે વ્યાપક પ્રમાણમાં ગવાય છે.

પ્રતિવર્ષ મોરારીબાપુ પ્રેરિત આદ્ય કવિ નરસિંહ મહેતા સ્મારક નીધિ ગુજરાતી ભાષાના લોકપ્રિય કવિને આ એવોર્ડ અર્પણ કરે છે. વર્ષ ૨૦૧૭ માટે દલપતભાઈની આ એવોર્ડ માટે પસંદ કરાતા ગાંધીનગરના સાહિત્ય જગતમાં આનંદ વ્યાપી ગયો છે.

# ભાજપે ગુજરાતમાં ચૂંટણીની જવાબદારી અરૂણ જેટલીને સોંપી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત ભાજપ દ્વારા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે ભાજપ પ્રમુખ અમીત શાહે ગુજરાતના ચૂંટણી પ્રભારી તરીકે અરૂણ જેટલીની નિમણૂંક કરી છે.



ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ગણતરીના મહીના જ બાકી છે ત્યારે ભાજપ દ્વારા પૂરજોશમાં ચૂંટણી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગુજરાત ચૂંટણી પ્રભારી તરીકે કેન્દ્રીય નાણાં અને સંરક્ષણ મંત્રી અરૂણ જેટલીને જવાબદારી સોંપવામાં આવી છે.

અરૂણ જેટલી સામે સહપ્રભારી તરીકે નરેન્દ્રસિંહ તોમર કેન્દ્રીય પંચાયત રાજ, કેન્દ્રીય વાણિજ્યમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન અને કેન્દ્રીય પરમાણું ઉર્જા મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્રિય સૂચના પ્રાદ્યોગિકી મંત્રી પી.પી. ચૌધરીની પણ નિમણુંક કરવામાં આવી છે.

ચૂંટણી પ્રભારીની જવાબદારી અરૂણ જેટલીને સોંપવામાં આવ્યા બાદ હવે આગામી ટુંક સમયમાં ગુજરાત ભાજપ દ્વારા આગામી ચૂંટણીની તૈયારી માટે વિવિધ ચૂંટણીલક્ષી સમિતિઓની રચના કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રદેશ ભાજપ દ્વારા અગાઉ ચૂંટણી ઢંઢેરા સમિતિની રચના કરી દેવામાં આવી છે. બાકીની સમિતિઓની હવે ટુંકમાં જાહેરાત કરાશે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૫ કેસ

**દર્દીઓનો કુલ આંક ૮૭ પર પહોંચ્યો : કુડાસણના દંપત્તિને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૫ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૮૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ઉવારસદમાંથી મળેલ એક દર્દી નડિયાદની વતની છે અને તે તેના મોસાળમાં આવેલ જ્યાં પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કુડાસણમાંથી પણ એક દંપતીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ મળી આવેલ છે. જે હાલ સારવાર હેઠળ હોસ્પિટલમાં છે.

કલોલ તાલુકાના સોજા અને ઈટલામાંથી પણ સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ મળી આવ્યા છે.

માણસામાંથી પણ આજે સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ મળી આવ્યો છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસોની સંખ્યા વધતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે. સર્વેક્ષણનો પ્રથમ રાઉન્ડ સંપન્ન થવા આવ્યો છે પણ હજુ રોગચાળાની સ્થિતિ થોભવાની રાહમાં નથી. તંત્રએ સર્વેલન્સને સઘન બનાવવા પર વિશેષ ભાર મુક્યો છે.

તંત્ર દ્વારા સ્થાનિક ચેનલોમાં સ્વાઈન ફ્લુ સામેની જાગૃતતા માટે સ્ટોલ પણ ચાલુ કરાવ્યા છે તો પત્રિકાઓના વિતરણ પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

## આર.ટી.ઓ. કચેરી દ્વારા આગામી ૨૯ ઓગષ્ટે પસંદગીના નંબરાની હરાજી

**ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના વાહનોની સિરીઝને અનુલક્ષી હરાજીની પ્રક્રીયા યોજાશે**

ગાંધીનગર તા ૨૪

આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરની જુદી જુદી સિરીઝના પસંદગીના નંબરો માટે આગામી તા ૨૯ ઓગષ્ટના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. અગાઉ પણ આર ટી ઓ કચેરી દ્વારા જુની સિરીઝના બાકી રહેતા નંબરો માટે હરાજી કરવામાં આવી હતી.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા વાહનામાં પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રયા હાથ ધરવામાં આવે છે. સમયાંતરે નવી સીરીઝના નંબરોને અનુલક્ષી હાથ ધરાતી આ પ્રક્રીયાના અંતે બાકી રહેતા નંબરોને ધ્યાને લઈ પુન : હરાજીનુ પણ આયોજન કરવામાં આવે છે.અગાઉ પણ આર ટી ઓ કચેરી દ્વારા આ પ્રમાણે હરાજી કરવામાં આવી હતી. આગામી તા ૨૯ ઓગષ્ટના રોજ સાંજે ૫ કલાકે ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં ટુ વ્હીલરમાં સીએલ ,સી એમ, સીએન, સીપી તેમજ સીક્યુ, સી આર અને સી એસ સહીતની સીરીઝના વાહન નંબર માટે હરાજી કરાશે. જયારે ફોર વ્હીલરમાં બી ઈ બી એફ, બી જી ,અને બી એચ સીરીઝના નંબરોની હરાજી કરવામા આવશે. ટ્રાન્સપોર્ટના વાહનોને અનુલક્ષી એ ઝેડ સીરીઝના બાકી રહેતા નંબરોની હરાજી કરવામાં આવશે. ગોલ્ડન સિલ્વર તેમજ અન્ય પસંદગીના નંબરો મેળવવા માટે અરજદારોએ પોતાની અરજી તા ૨૯ ઓગષ્ટ સુધીમાં કચેરીમાં જમા કરાવાની રહેશે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com